| GJSK040011092024 | આંક– | |
|---|---|---|
| | કેસ દાખલ તા: | ૨૭/૦૩/૨૦૨૪ |
| | કેસ રજી.તા: | ૨૭/૦૩/૨૦૨૪ |
| | કેસ ફેસલ તા: | ૦૬/૦૪/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**–: નમુનો – અ :–**

**મે. એડી. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઈડર.**

**ચુકાદાની તા.૦૬/૦૪/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૯૦૮/૨૦૨૪**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પ્રાઈવેટ ફરીયાદ |
| ફરીયાદી | પરમાર જયંતિભાઇ હિરાભાઇ, ઉ.વ.૪૭, ધંધો–વેપાર, ડ્રાઈવીંગ, રહે.મુ.પો.તા.ઈડર, જી.સાબરકાંઠા. |
| ફરીયાદી તરફે વિ.વ.શ્રી | એ.જી.સંખેસરા. |
| આરોપી | એજાજ અયુબભાઇ મેમણ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.હે.સગરવાડાનના નાકે, મીરાના દરવાજા નજીક, ધબોળીયા સ્કુલની બાજુમાં, મુ.પો.તા.ઇડર, જી.સાબરકાંઠા. હાલનુ સરનામું– હે.ચાલીસ ઘરવાળુ ફળીયુ, મુ.ગંભીરપુરા, તા.ઇડર, જી.સાબરકાંઠા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | બી.એન.ગઢવી. |

**–: નમુનો – બ :–**

| | |
|---|---|
| પ્લી નોંધ્યા તારીખ | ૦૧/૦૭/૨૦૨૪ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## :: આરોપીની વિગત ::

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | ફરીયાદ | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા |
|---|---|---|---|---|---|---|
| ૧ | એજાજ અયુબભાઇ મેમણ | – | – | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ | નિર્દોષ છોડયા | – |

## :: નમુનો – ક ::

## ફરીયાદી તથા આરોપી તરફે રજુ થયેલ પુરાવો

### અ. ફરીયાદપક્ષ

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી પરમાર જયંતિભાઈ હીરાભાઈનું સરતપાસનું સોગંદનામું |
| ૨ | ૦૮ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં.૪૪૪૩૨૫ |
| ૩ | ૦૯ | બેન્કે આપેલ રીટર્ન મેમાંની નકલ |
| ૪ | ૧૦ | નોટીસની સ્થળપ્રત |
| ૫ | ૧૧ | આરોપીને મોકલેલ નોટીસની રજી.પો.એડી.ની સફેદ પાવતી |
| ૬ | ૧૨ | આરોપીને નોટીસ બજી ગયેલાની પોસ્ટની એકનોલોજમેન્ટ પાવતી |
| ૭ | ૨૩ | સાહેદ સુબોધસિહ નંદુસિંહની જુબાની |
| ૮ | ૨૪ | સદર ચેક રજુ થયેલ તેનો ઉતારો |
| ૯ | ૨૫ | બેન્ક તરફથી ચેર રીટર્ન રજીસ્ટર |

### બ. આરોપી પક્ષ

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | ફરીયાદીના બેન્કના ખાતાનો ઉતારો |

## –:: ચૂકાદો ::–

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી કરીયાણાનો છુટક વેપાર કરે છે તેમજ રિક્ષા ડ્રાઈવીંગ કરે છે તેમજ તાર ફેન્સીંગનું કામ કરે છે. આ કામના આરોપી ફરીયાદી સાથે છેલ્લા ૬ વર્ષથી પરિચયમાં છે તેમજ આરોપી તથા ફરીયાદી વચ્ચે સારા સબંધો છે. આરોપી ફરીયાદીને ત્યાં તા.૨૨–૧૧–૨૩ ના રોજ આવેલાં અને આરોપીએ ફરીયાદીને જણાવેલ કે,'મારે સસ્તા અનાજની દુકાનના માલ માટે ચલણ ભરવાનું હોઈ રૂા.૧,૫૦,૦૦૦/– ની બે માસ માટે જરૂરીયાત છે.' તેવું જણાવી ફરીયાદી પાસે રૂા.૧,૫૦,૦૦૦/– ની માંગણી કરતાં ફરીયાદી પાસે બચતની રકમ ઘરે પડેલી હતી તેમાંથી રૂા.૧,૫૦,૦૦૦/– આરોપીને હાથઉછીના રોકડા આપેલાં. આ રકમ આરોપીએ બે માસમાં પરત ન આપતાં ફરીયાદીએ સદર રકમની વારંવાર ઉઘરાણી કરતાં ફરીયાદીને સદર રકમની ચુકવણી માટે આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, ઈડર શાખામાં ચાલતા આરોપીના ખાતાનો ચેક નં.૪૪૪૩૨૫ તા.૧૭/૨/૨૪ ના રોજ ફરીયાદીના નામનો રૂા.૧,૫૦,૦૦૦/– નો વિગતો ભરેલો ફરીયાદી ની રૂબરૂ ચેકમાં સહી કરી ફરીયાદીને આપી ગયેલ અને આરોપીએ વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં જમા કરાવ્યેથી ચેકની રકમ મળી જશે. ત્યારબાદ સદર ચેક ફરીયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''ફંડસ ઈન્સફીશીયન્ટ'' ના શેરા સાથે તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ પરત મળેલ. ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ રજી.પો.એડી.થી નોટીસ મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ. જે આરોપીને આર.પી.એડી.થી આપેલ નોટીસ તા.

૨૭/૨/૨૪ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસની માંગણીનો કોઇ અમલ કરેલ નથી અને નોટીસનો કોઇ જવાબ પણ આપેલ નથી. આમ, ફરીયાદીને ચેકની રકમ વસુલ અપાવવા તેમજ ફરીયાદીને આરોપી પાસેથી મળવાપાત્ર વળતરની રકમ અપાવવા વિનંતી કરેલ છે તેમજ આરોપી ને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની જોગવાઇ અન્વયે સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨. આમ, આરોપીએ ઉપરોકત રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી આપેલા નથી કે ચુકવી આપવા અંગે કોઇ તૈયારી દર્શાવેલ નથી તથા રીટર્ન થયેલ ચેકના નાણાંની માંગણી કરવા છતાં પરત ન કરી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઇ અંગેનો ગંભીર ગુનો કરેલ છે.

**<u>આરોપીની પ્લી બાબત :–</u>**

૩. આ કામના આરોપીને સમન્સ કરતાં આરોપી વકીલ મારફતે હાજર થઇ આરોપીની આંક–૦૭ થી પ્લી રેકર્ડ કરેલી, જેમાં તેઓએ ગુનો કબુલ નથી તેવુ જણાવતાં હોય આરોપીને ફરીયાદીના તમામ કાગળો મળેલાનુ સુનિશ્ચચીત કરી ઈન્સાફી કાર્યવાહી શરૂ કરેલી.

**<u>કેસની કાર્યવાહીનુ સ્વરૂપ :–</u>**

૪. વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ ની કલમ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે, એટલે કે, આ કેસની કાર્યવાહી સંહિતાના પ્રકરણ ૨૧ ની કલમ–૨૬૦ થી ૨૬૫ મુજબ ચલાવી શકાય છે અને કેસની કાર્યવાહી યોગ્ય પધ્ધતિથી અને લંબાણપુર્વક પુરાવો લેવા આરોપીની આંક–૦૭ થી પ્લી રેકર્ડ કરવામાં આવી અને આ કામે જે પુરાવો નોંધવામાં આવેલ છે તેને ધ્યાને લેતાં તે લંબાણપુર્વક નોંધવામાં આવેલ છે. આમ, વટાવખત અધિનિયમની કલમ–૧૪૩ મુજબ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે. પરંતુ આ કેસમાં લંબાણપુર્વકના પુરાવા નોંધવામાં આવેલ હોય,

હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ તરીકે ચલાવેલ છે.

## સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન :–

૫. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેમાં તેમની રૂબરૂમાં ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલો, તેમાં આરોપીએ ફરીયાદીના પુરાવાનો ઇન્કાર કરી, વધુમાં આરોપીએ મહત્વની ગુનાની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ વ્યકિત છે. તેઓના ચેકનો ખોટો દુરઉપયોગ કરી તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૬. ઉપરોકત હકીકત અંગે સદરહું કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## –: મુદ્દા :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આંક–૦૮ વાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

૮. ફરીયાદી તરફે વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે પોતાના પુરાવાથી કાયદેસરનું લેણું પુરવાર કરે છે. ચેક રીર્ટન થયા બાદ

આરોપીને નોટીસ આપેલી અને આરોપીએ નિયત સમયમાં રકમ ચૂકવી નહીં આપી ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલાનું પુરવાર થયેલ છે. આમ, ફરીયાદી તરફે રજુ કરેલ પુરાવાથી આરોપી પાસે ફરીયાદીનું કાયદેસરનું લેણું તેવુ ફરીયાદીએ પુરવાર કરેલ હોય અને આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલાનું પુરવાર કરેલ હોય, આરોપીને સજા કરવા તથા વળતર અપાવવા અરજ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે, સદર કામના આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ હાથઉછીની રકમ લીધેલ નથી. સદર કામના આરોપીને ફરીયાદી પાસેથી કયારે, કઇ જગ્યાએ કેટલી રકમ માંગેલી તેમજ ફરીયાદીએ આરોપીને કઇ તારીખે કઇ જગ્યાએ રકમ આપેલી તે ફરીયાદ પક્ષ સાબીત કરવામાં નિષ્ફળ રહેલ છે. ફરીયાદીએ કહેવાતી ફરીયાદ હકીકત મુજબ જો કોઇ નાણાં આરોપીને આપેલ હોય તો તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. ફરીયાદીએ કહેવાતી આવી કોઇ રકમ આરોપીને આપેલ નથી. ફરીયાદપક્ષનો કેસ શંકાથી ભરપુર છે. ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. આમ, આરોપી પક્ષને તેનો લાભ આપી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

## –: કારણો :–

૯. નિર્ણય માટે નીચે મુજબના કારણો આપવામાં આવેલ છે. મુદા નંબર–૧ અને ૨ ની ચર્ચા ફરીયાદીની હકીકતોનું પુનરાવર્તન ન થાય અને એકબીજા સાથે સંકળાયેલ હોય તે હેતુથી એકસાથે કરવામાં આવેલ છે.

### ફરીયાદ સમય મર્યાદામાં થયેલ છે કે કેમ તે અંગેના કારણો :–

૧૦. આ કામે ફરીયાદી ધ્વારા હાલનો ચેક તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ બેન્કમાં જમા કરાવેલ જે ચેક તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ રીટર્ન

મેમા સાથે પરત ફરેલો જે જોતાં આંક-૧૦ વાળી તા.૨૬/૦૨/૨૦૨૪ ની નોટીસ આરોપીને સમય મર્યાદાની અંદર આપેલાનું જણાય છે. સદર નોટીસની બજવણી આરોપીના સરનામેં કરેલ છે તેમજ આરોપી ને નોટીસ બજી ગયેલ હોવાનુ રજી.એ.ડી.પહોંચ પરથી જણાય છે. જયારે હાલની ફરીયાદ તા.૨૭/૦૩/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે. જે ફરીયાદ, ફરીયાદીએ આરોપીને નોટીસ મળ્યા બાદ ૧૫ દિવસ વિત્યા બાદ લેણી રકમ ચુકવેલ ન હોય તેના ૩૦ દિવસની અંદર હાલની ફરીયાદ દાખલ કરવાની હોય જે ફરીયાદીએ સમય મર્યાદામાં દાખલ કરેલ છે તેવુ કોર્ટનું તારણ છે.

**<u>કોર્ટની હકુમત અંગે :-</u>**

૧૧. હાલના ફરીયાદીએ સદરહું ચેક યુનિયન બેન્ક ઓફ ઇન્ડીયા, ઇડર શાખામાં રજુ કરેલો જે હાલના ફરીયાદીએ પોતાનુ ખાતુ ધરાવતા બેન્કમાં રજુ કરવાનો હોય અને સદરહું બેન્ક ઇડર તાલુકાના એટલે કે, અત્રેની કોર્ટના ન્યાયક્ષેત્રમાં આવતી હોય જે જોતાં ફરીયાદીની ફરીયાદ યોગ્ય હકુમતમાં દાખલ થયેલ છે.

**<u>પુરાવાના બોજા વિશે :-</u>**

૧૨. એ પ્રસ્થાપિત હકીકત છે કેલ ચેક એ વિનીચમપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૮ મુજબ જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનીમય પત્ર ઉપર લગાડેલ પુરતી ટીકીટો સબંધે અને તેમાં ધારણકર્તા હોવા અંગે કોઇ અનુમાન/ધારણા કરવામાં આવશે. તેવી રીતે કલમ-૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારકે ૧૩૮ માં જણાવેલ ચેક કઇ દેવુ અથવા જવાબદારી પુરેપુરી રીતે રીતે અથવા અંશત:ચુકવણી માટે ચેક આપેલો હતો.'' આમ,

કલમ–૧૩૯ ની જોગવાઇ જોતાં ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઇ સદર કલમમાં કરવામાં આવેલી. તેવી જ રીતે કલમ–૨૦ મુજબ જો કોઇ વ્યકિત વિનીમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે તે અપુરતી વિગતોવાળો હોય તો આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને આપી જાતે હસ્તાતર કરે છે કે તેમની અપુર્ણ વિગતો અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગતો ભરી લઇ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. ત્યારે ઉપરોકત નોંધેલ કલમ –૧૩૮, ૧૩૯, ૨૦ અન્વયે કાનુની અનુમાન અને ધારણ કરનાર હોવા અને હાલના હાથ પરના કેસમાં ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ દર્શાવતા હોવાનું સબળ કારણ રહે છે. તે બાબત ખરી છે કે, કારણ, અનુમાન અને ધારણ ખંડનીય પ્રકારનું છે અને જો વિરુધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનુ કોઇ મુલ્ય રહેતુ નથી. આમ, વિરુધ્ધની હકીકત સાબિત ના થાય ત્યાં સુધી તેવુ અનુમાન કરવામાં આવશે કે ચેક ધારણ કરનાર કે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઇ દેવા પેટે અથવા અન્ય જવાબદારી પુરેપુરી અથવા તેના કોઇ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે. તેનાથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત ફરેલ વણચુકવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો હતો તેવુ પુરવાર કરવાનો બોજો જે તે ચેક લખી આપનાર ઉપર રહે છે. એટલે કે, આરોપી પર રહે છે. કલમ–૧૧૮(એ) અને ૧૩૯ નુ અનુમાન એ કાયદાનું અનુમાન છે, ચોકકસ અનુમાન છે અને આરોપી તરફેથી જયાં સુધી વિરૂધ્ધ પુરવાર ના હોય ત્યાં સુધી તે ખંડન થતુ નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, આરોપીએ શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ

વિટનેશબોક્ષમાં પણ આવવાની જરૂર રહેતી નથી, એટલે કે, અનુમાનનુ ખંડન આરોપીએ, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જરૂરી છે.

**નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટની કાયદાકીય જોગવાઇ :–**

૧૩. આ કામે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રમાણેની ફરીયાદ દાખલ કરેલ હોય કલમ–૧૩૮ ના ગુનાનો આક્ષેપ આરોપી પર મુકવામાં આવેલ છે તથા આ કામે કલમ–૧૩૮ અને તેની સંલગ્ન કલમ–૧૪૨ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે.

**કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:**

સમગ્ર રીતે અથવા અંશત કોઇપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટેલ કોઇ વ્યકિતલ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે,આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઇ અન્ય જોગવાઇઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે...

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તો કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઇ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસ' ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઇને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહી.

**ખુલાસો :** આ કલમના હેતુઓ માટે ' દેવું અથવા અન્ય જવાબદારી

એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

**નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.**

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઇએ.
૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઇએ.
૩. કમલ : ૧૩૮ માં જણાવ્યા મુજબ પેઇ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટીસ આપી હોવી જોઇએ.
૪. કલમ : ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઇએ.

**<u>કલમ: ૧૩૯ : ધારકની તરફેણમાં અનુમાન :</u>**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ:૧૩૮ માં જણાવેલ ચેક, કોઇપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.

**<u>નોંધ :–</u>** પાછો ફરેલ ચેક એ વર્તમાન દેવું કે જવાબદારી ફેડવા પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે, એથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઇ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે. કોઇને નાણાં ઉછીના આપવા માટેનો અથવા તો બાનાનાં નાણાં આપવા માટે લખી આપેલો ચેક એ દેવુ કે જવાબદારી ફેડવા માટેનો ચેક ગણાય નહીં તેથી તે પાછો ફરે તો કલમ: ૧૩૮ હેઠળ કોઇ ગુનો બનતો નથી.

૧૪. ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષીત ઠેરાવી શકાય. આવી જ રીતે કલમ–૧૩૯ માં જણાવ્યા મુજબ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબતની છે. એટલે કે, વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ જ માનવાને કારણ રહે છે કે, તે ચેક ધારણકર્તા કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ દેવા કે અન્ય જવાબદારી પુરેપુરી કે કોઇ ભાગમાંથી બોજમુકત થવા બદલે તે મેળવ્યો હશે અને વણચુકવેલ પરત થયેલ ચેક કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારૂ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે. આમ, આ કામે ચેક

કાયદેસર કે જવાબદારીના બદલે બોજમુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે અને તેને કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેમ છે, એવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરશે. આનાથી વિરુધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે, પરત ફરેલ ચેક વણચુકવેલ છે કાયદેસર અને દેવા પેટેના ન હતો અને બિન અવેજીના હતા તેવુ પુરવાર કરવાનો આ બોજો તે ચેક લખી આપનાર પર હે છે. એટલે કે, આ કામના આરોપી પર આ બોજો રહે છે. આમ, કલમ–૧૧૮, ૧૩૯ ની કાનુની જોગવાઇ જોઇએ તો કોર્ટે હંમેશા ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ રહે છે. અદાલતે ફરીયાદીની તરફેણમાં અનુમાન ના કરે તો તે માટે આરોપી પર બોજો નાખવામાં આવે છે. પરંતુ કલમ–૧૧૮, ૧૩૯ અન્વયે ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને ૧૪૨ અન્વયે સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોવી જોઇએ અને બે કલમોના જણાવેલ આદેશાત્મક જોગવાઇનું ફરીયાદપક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઇએ.

૧૫. આ કામે ફરીયાદી નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આરોપીએ આપેલો ચેક કાયદેસર લેણાં અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ? તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીના શીરે છે. આ કામના ફરીયાદીએ આંક–૦૪ થી રજુ કરેલ સોગંદ પરની જુબાની વંચાણે લઇએ તો તેમાં ફરીયાદ મુજબના તથ્યોનું પુનરાવર્તન કરેલ છે. આરોપી તરફેથી ઉલટતપાસમાં ફરીયાદીએ સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં આરોપીના બે સરનામા જણાવેલ છે. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં જણાવેલ સરનામું (સગરવાડા નાકે) ત્યાંથી આરોપી છેલ્લા પાંચ વર્ષથી બીજા સરનામે રહે છે. એ વાત ખરી છે કે, આરોપી અને મારો વેપાર અલગ અલગ છે. એ વાત ખરી છે કે, તા.૨૨/૧૧/૨૩ ના રોજ મે આરોપીને પૈસા આપ્યા

બાબતે કોઈ લખાણ મેળવેલુ નથી. એ વાત ખરી છે કે, તા. ૨૨/૧૧/૨૩ ના રોજ આરોપીને પૈસા આપ્યા હોય. મે કોઈ બેંક એન્ટીથી કે બીજી કોઈ એન્ટીથી આપેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૯ વાળા દસ્તાવેજમાં બેંકનો કોઈ સહી કે સીકકો નથી. એ વાત ખરી છે કે, આંક–૮ વાળો ચેક મે મારા ખાતામાં ભરેલ હોય તે બાબતે મે કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મને આંક ૧૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને હું કહુ છુ કે તેમાં મેમણ હનીફ લખેલુ જણાય છે. એ વાત ખરી છે કે, મારે આવક અંગેના સ્ત્રોત દર્શાવતા કોઈ દસ્તાવેજ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીને સસ્તા અનાજની દુકાન હોય તેમજ તેને ચલણ ભરવા સારૂ મે કોઈ રકમ આપેલ હોય તે બાબતનો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ રાખેલ નથી. હુ ફોન પે વાપરુ છુ અને તે મારા મોબાઈલ નં. ૯૭૨૪૪૪૪૯૪૬ ઉપર ઓપરેટ કરે છે.

૧૬. સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૩ થી સાહેદ સુબોધસિંહ નંદુસિંહ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જણાવેલ છે કે, તેઓ ૧૬ વર્ષથી યુનીયન બેંકમાં નોકરી કરે છે અને ઈડર શાખામાં મેનેજર તરીકે ૧૯ જુન ૨૦૨૪ થી નોકરી કરે છે. તેઓ આજરોજ પરમાર જયંતિભાઈ હીરાભાઈ, રહે.ઈડરના નામનો ખાતાનો ઉતારો લાવેલ છે. ખાતા નં.૫૨૦૩૩૧૦૦૨૬૯૩૪૧ નો છે. આંક–૮ વાળો ચેક મને બતાવવામા આવે છે તે જોઈને જણાવુ છુ કે સદર ચેક અમારી બેંકમાં તા.૧૭/૨/૨૪ ના રોજ પરમાર જયંતિભાઈ હીરાભાઈના ખાતામાં ભરવામાં આવેલ છે. સદર ચેક અમોએ તા. ૧૯/૨/૨૪ ના રોજ યુનીયન બેંક ઓફ ઈન્ડીયા હિમતનગર શાખામાં કલીયરીંગ માટે મોકલેલ અને આંક–૮ વાળા ચેક પાછળ યુનીયન બેંક ઓફ ઈન્ડીયા ઈડર શાખાનુ રાઉન્ડ સીલ છે તેમજ યુનીયન બેંક ઓફ ઈન્ડીયા હિમતનગર શાખાનો સીકકો તથા તારીખ જણાવેલ છે. હુ આજરોજ

સદર ચેક રજુ થયેલ તેનો ઉતારો લાવેલ છુ આ ઉતારો તા. ૧૮/૨/૨૪ થી તા.૨૧/૨/૨૪ સુધીનો અમારા બેંકના પોર્ટલ ઉપર મેળવેલ છે અને તેમાં અમારી બેંકનો રાઉન્ડ સીલ તથા સહી છે જે રજુ દાખલ આંક–૨૪ આપવામા આવે છે. આંક ૮ વાળો રજુ થયેલ ચેક તા. ૨૦/૨/૨૪ ના રોજ રીટર્ન થયેલ છે અને તે રીટર્ન થયાની નોંધ ખાતાના ઉતારામાં જણાવેલી છે. આંક ૯ થી રજુ થયેલ મેમો યુનીયન બેંક ઓફ ઈન્ડીયા હિમતનગર શાખામાંથી આપવામાં આવેલ છે તેમા ડેટ ઓફ પ્રોસેસીંગ તા.૧૯/૨/૨૪ ની છે. આંક–૮ તથા આંક–૯ વાળા ચેક મેમો અમારી બેંક તરફથી તા.૨૨/૨/૨૪ ના રોજ રીટર્ન કરેલ છે. સદર ચેક ફન્ડ ઈન સફીશીયન્ટ ના શેરા સાથે રીટર્ન થયેલ છે. તેઓ બેન્ક તરફથી ચેર રીટર્ન રજીસ્ટર નિભાવે છે અને તે અસલ રજીસ્ટર તેઓ લાવેલ છે તે તા.૨૨/૨/૨૪ ના રોજ ચેર રીટર્ન થયા અંગેની નોંધ છ તેમાં પરમાર જયંતિભાઇની સહી છે. આ રજીસ્ટરમાંથી અસલ ઉપરથી ખરી નકલ આંક–૨૫ થી રજુકરવામાં આવેલ છે. તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, આ ચેર રીટર્ન તેઓની બેન્કનો નથી. એ વાત ખરી છે કે, આંક–૮ વાળા ચેકની બેન્ક તેઓની બેન્કને કોઈ રીટર્ન મેમો આપેલો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓની બેન્કમાં જમા કરાવેલ હોય તેઓની બેન્ક રીટર્ન મેમો આપેલ છે. એ વાત ખરી છે કે, કોઈ ખાતા ધારક બેન્કમાં ચેર જમા કરાવેલ તેની એન્ટ્રી સ્ટેટમેન્ટમાં આવે છે. એ વાત ખરી છે કે, અ કામે ફરીયાદી ને તેઓએ તા.૨૨/૨/૨૪ પહેલા રીટર્ન મેમો આપેલો નથી. એ વાત ખરી છે કે, તેમને આંક–૯ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે જે રીટર્ન મેમો તા.૨૦/૨/૨૪ ના રોજનો છે. એ વાત ખરી છે કે, તેમને આંક–૯ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જેમાં તેઓની બેન્કનો સિકકો મારેલો નથી. એ વાતની મને ખબર નથી કે,

કોઈપણ કોમ્પ્યુટર જનરેટેડ મેમામાં સહીની જરૂર હોતી નથી પરંતુ સિકકો મારવો ફરજીયાત હોય છે.

૧૭. આ કામે ફરિયાદી નો પુરાવો અને ઉલટ તપાસ ધ્યાને લેતા, તેમાં ફરિયાદી એ સ્વીકારેલ છે કે તેઓ રિક્ષા ડ્રાઈવિંગ કરે છે અને કરિયાણા નો છૂટક વેપાર કરે છે અને તાર ફેંસિંગ નું કામ કરે છે અને આરોપીએ તેમની પાસે થી રું. 1,50,000/- ની માંગણી કરેલ અને તેમની બચત ઘરે પડેલ હતી તેમાં થી રકમ આપેલ અને તેની ચુકવણી પેટે આરોપીએ ચેક આપેલ.

ઉલટતપાસમાં ફરિયાદી સ્વીકારે છે કે, તેમને ફરિયાદમાં આરોપીના બે સરનામા જણાવેલ છે અને સગરવાડા નાકેના સરનામે આરોપી પાંચ વર્ષ થી રહેતા નથી તે બાબત ની તેમને જાણ છે. આ કામે આરોપી ને સગર વાડા નાકે ના સરનામે નોટિસ મોકલવામાં આવેલ. જ્યારે ફરિયાદી પોતે સ્વીકારે છે કે આરોપી આ સરનામે રહેતા નથી તેમ છતાં તે જ સરનામે મોકલવામાં આવેલ અને આ આરોપી ત્યાં રહેતા ના હોય તેથી આરોપીને નોટિસ ની બજવણી થયેલ છે કે કેમ તે પુરવાર થતું નથી. તેથી જ્યારે ફરિયાદી પોતે જ સ્વીકારતા હોય કે તેમને એ બાબત ની સંપૂર્ણ જાણ છે કે આરોપી તેમણે જણાવેલ સરનામે રહેતા નથી તો નોટિસ ની બજવણી કોને કરવામાં આવેલ તે પણ પુરવાર થયું નથી.

૧૮. આરોપી તરફે બીજો બચાવ લેવામાં આવેલ કે આરોપીએ ફરિયાદી ને તા. 18,19,20 નવેમ્બર, 2023 ના રોજ ફોન પે થી રકમ આપેલ અને કુલ રૂ. 70,000/- ચૂકવી આપેલ છે. જ્યારે હાલ નો ચેક તા. 17/02/2024 ના રોજ આપવામાં આવેલ છે. તેથી જ્યારે આરોપી એવું જણાવતા હોય કે તેમને ચેક ની રકમ પેટે અમુક રકમ એટલે કે ચેક નાખતા પહેલા ચૂકવી આપેલ છે તો આ હકીકત ને ખંડન કરવાની પ્રાથમિક જવાબદારી ફરિયાદી પક્ષ ની છે. ફરિયાદી એ પોતાનો કેસ

નિઃશંકપણે સાબિત કરવાનો રહે.

૧૯. આ કામે ફરિયાદી પોતાના યુ.પી.આઈ. એકાઉન્ટ નું સ્ટેટમેન્ટ રજૂ કરી ને દર્શાવવી શક્યા હોત તો કે આવી કોઈ રકમ આરોપી દ્વારા ક્યારેય આપવામાં આવેલ નહિ પણ આવું કોઈ સ્ટેટમેન્ટ રજૂ કરેલ નહિ. વધુમાં, આ કામે આરોપી દવારા ફરિયાદી નું બેંક સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે જેમાં ફરિયાદીના જણાવ્યા મુજબ ની તારીખે તેમની પાસે આરોપી આપવામાં આવેલ રકમ આપવા માટે કોઈ આર્થિક ક્ષમતા હોય તેમ જણાય આવતું નથી. ફરિયાદી જણાવે છે તે સમયગાળા દરમ્યાન ફરિયાદી પાસે આરોપી ને આપેલ રકમ આપવા અંગે ની આર્થિક સગવડ હતી તેમ પુરવાર થતું નથી. આરોપી તરફે આ અંગે આરોપી નું બેંક સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવેલ છે તેના આધારે આ દલીલમાં તથ્ય હોય તેમ જણાય આવે છે અને આરોપી નો બચાવ માનવાલાયક જણાઈ આવે છે અને સંભવિત હોય તેમ પણ જણાઈ આવે છે.

૨૦. આમ, જ્યારે આરોપી ને આપવા માટે ની રકમ ની આર્થિક સગવડ ફરિયાદી પાસે હોય તેમ સાબિત થતું ના હોય અને આરોપીનો બચાવ કે તેમને આ ચેક ની રકમ પેહલા અમુક રકમ ચૂકવી આપેલ છે તે બાબતે ફરિયાદીએ નિઃશંકપણે કોઈ બાબત પુરવાર કરેલ નથી. જ્યારે ફરિયાદી ના કેસ માં શંકા હોય ત્યારે અને તેવા સંજોગો માં આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહિ અને ફરિયાદી એ પોતાનો કેસ શંકા થી પર સાબિત કરવાની જવાબદારી છે અને તેમ કરવામાં નિષ્ફળ નીવડે તો આરોપી ને કસૂરવાર ઠેરવી શકાય નહિ. ફરીયાદીની તરફેણમાં રહેલ કાનુની અનુમાનનું ખંડન કરી શકાય તેવી હકીકત આરોપી પક્ષ લાવવામાં સફળ રહેલા હોય આરોપી પોતાનો પ્રોબેબલ બચાવ લાવી શકેલા હોય, મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :– આખરી હુકમ –:

(૧) આ કામના આરોપી એજાજ અયુબભાઇ મેમણનાઓને ક્રિ.પ્ર.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) પ્રમાણ અપીલ પીરીયડ સુધીના રૂા.૨૫,૦૦૦/–ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામે ફરિયાદીએ હાથ ઉછીની રકમ આપેલ છે તેમ જણાવેલ હોય તેથી આ કામે રજૂ ફરિયાદી ની આંક–૧ વાળી ફરિયાદ, સોગંદનામુ, જુબાની તથા ચેક, બેંક રિટર્ન મેમો વિગેરે દસ્તાવેજોની નકલ આયકર વિભાગને હુકમની તારીખના ૧૦ દિવસમાં,જરૂરી આગળની કાર્યવાહી માટે ઇ–મેઇલથી મોકલી આપવી. વધુમાં, આયકર વિભાગની કચેરીમાં આવે અને તે કચેરીને એવું લાગે કે તેઓની શાખાને સ્થાનિક હકૂમતનો બાધ નડે છે તો તેઓએ પોતાના ખાતાં મારફતે લાગુ પડતી હકૂમતની કચેરીને દસ્તાવેજો મોકલવા.

આવકવેરા ખાતાએ આ દસ્તાવેજો મળ્યા બાદ જરૂરી કાર્યવાહી કરવી અને તે અંગે જે કોઈ પગલાં લેવામાં આવેલ હોય તેનો આખરી અહેવાલ આ કોર્ટે ને બિનચૂક મોકલી આપવો.

હુકમ આજ રોજ તા.૦૬ ઠ્ઠી, માહે: એપ્રિલ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬ (વિપ્લવ એચ.તૈરૈયા)
સ્થળ–ઈડર એડી.જયુડી.મેજી.ફ.ક.,ઈડર.
કોડ નં.જીજે ૦૧૬૮૧

//MAHAVIR//